**બારડોલી કાર્યાલય:** , શ્રેયસ કોમ્પલેક્ષ, વામદોત પેટ્રોલ પંપની સામે, સરદાર બાગ, બારડોલી-૨ : ૦૨૬૨૨-૨૨૦૪૮૪, ૯૮૨૪૩૫૩૬૭૫ **કામરેજ :** ૯૮૯૮૨૧૫૪૦૦- ૯૮૨૫૧૦૯૮૯૬ **પલસાણા :** ૯૮૨૪૧૪૩૦૨૩ **સાયણ :** ૨૪૨૩૪૩ **ઓલપાડ :** ૯૮૯૮૪૦૬૬૯૮ **મહુવા :** ૯૪૨૭૧૨૫૬૨૫
**વ્યારા કાર્યાલય:** ૧૦૪, પહેલા માળે જે.બી. એન્ડ એસ એ સ્કૂલ શોપીંગ સેન્ટર, ટાવર રોડ, વ્યારા જી.તાપી : ૮૯૮૦૧ ૬૩૧૬૩ **વાલોડ:** ૯૮૭૯૯૨૧૪૭૭ **ભરૂચ કાર્યાલય:** ૧૦૨ હરિકૃષ્ણ ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, વરિયા હોસ્પિટલ પાસે, સુપર માર્કેટ, સ્ટેશન રોડ-ભરૂચ: ૯૪૨૭૧૧૬૯૧૬, **અંકલેશ્વર :** ૯૮૭૯૩૪૪૪૫૫, ૯૮૨૫૪૨૯૦૦૧






દીપક મહિડા

### પલસાણા - બલેશ્વરમાં લાંબા સમયથી પ્રદૂષણ ફેલાવતા લોકોમાં આક્રોશ

# ગેસ ઓકતી જીઓ હાઇબ્રિડને બંધ કરાવવા માગ

**કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન; બલેશ્વર ગ્રામજનો અને પર્યાવરણ બચાવો સમિતિએ પંચાયતથી પલસાણા મામલતદાર કચેરી સુધી રેલી કાઢી**

પલસાણા: પલસાણા ઇકો ટેક્ષટાઇલ પાર્કમાં આવેલા જીઓ હાઇબ્રિડ ઇન્ડસ્ટ્રીયલ સોલ્યુશન પ્રા. લિ. માં તા. ૧૭મીના રોજ સાંજે ઝેરી કેમિકલયુક્ત ગેસ છોડવાથી અંદાજે ૧૦૦ જેટલા લોકોને શ્વાસ તથા માથાનાં દુ:ખાવા સાથે ઊલ્ટી થતા તેમને સારવાર માટે પલસાણા સામુહિક હોસ્પિટલમાં લઇ જવાયાના બનાવને લઇને પલસાણા તાલુકા કોંગ્રેસ તેમજ બલેશ્વર ગ્રામજનો દ્વારા પલસાણા મામલતદાર કચેરીએ ભેગા થઇ પ્લેકાર્ડ બતાવી પ્રદર્શન કરી મામલતદાર પલસાણાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું આ કેમિકલ ફેકટરીને બંધ નહિ કરવામાં આવે તો જલદ આંદોલન કરવાની પણ ધમકી આપી હતી.

પલસાણા મામલતદાર કચેરીએ સવારે પલસાણા તાલુકા કોંગ્રેસના પ્રમુખ ભરતભાઇ નાયક, જિલ્લા મહામંત્રી અજયસિંહ દેવધરા, સ્નેહલ શાહ, કડોદરા નગર પ્રમુખ ભગવાનભાઇ પઢીયાર, વિનોદભાઇ પાઠક, કીરણ લાકડાવાલા, તરૂણભાઇ વાઘેલા, પ્રવિણભાઇ પરમાર, નિલકેશ મોરી, ધર્મેન્દ્રસિંહ સોલંકી જેવા સેંકડો કોંગ્રેસના પલસાણા અને જિલ્લાના કાર્યકરો હાજર રહી પલસાણા મામલતદાર કચેરીએ ભેગા થઇ અધિકારી અને સરકાર સામે સુત્રોચ્ચાર કર્યા હતા અને પ્લેકાર્ડ બતાવ્યા હતાં અને પલસાણા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ હતું તેમાં જણાવ્યું હતું કે ભોપાલ જેવી ઘટના તમે પલસાણામાં કરવા માગો છો. ગત ૧૭મીએ ૧૦૦ થી પણ વધુ લોકોને ઝેરી ગેસની અસર થઇ. અને તેમણે ખાનગી અને સરકારી દવાખાનામાં સારવાર લેવી પડી તેમ છતાં એક પણ અધિકારી કે ભાજપના ધારાસભ્યથી લઇ એક પણ નેતા - બલેશ્વર ગામની સ્થળ મુલાકાત લીધી નથી ત્યારે આ સરકાર અને સરકારી કર્મચારી શું બલેશ્વર ગામને સ્થળાંતર કરવા માગે છે? તેવા સુત્રોચાર સાથે 'અધિકારીઓ ભ્રષ્ટાચાર બંધ કરો'ના નારા લગાવવામાં આવ્યા હતા.

બીજી તરફ બપોરે ત્રણ કલાકે બલેશ્વર ગ્રામજનો અને પર્યાવરણ બચાવો સમિતિ દ્વારા આ બાબતે બલેશ્વર ગ્રામ પંચાયતથી પલસાણા મામલતદાર કચેરી સુધી રેલી સ્વરૂપે જઇ પલસાણા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ હતું તેમાં જણાવ્યું હતું કે, બલેશ્વરમાં ૬૦ દિવસમાં ઝેરી ગેસ તેમજ દુર્ગંધ બાબતે ગ્રામસભા અને સામાન્ય સભામાં ઠરાવ કરી તમામ સક્ષમ કચેરી તથા રાજય અને કેન્દ્ર સરકારને જાણ કરવામાં આવી તેમ છતા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારી દ્વારા કોઇ પગલા લેવાયા નથી તેમજ બલેશ્વર - પલસાણા સાથે આજુ બાજુના લગભગ અસરગ્રસ્ત ૧૪ જેટલા ગામો દ્વારા જિલ્લા કલેકટરે ૧૦ હજારથી પણ મોટી રેલી કાઢી હોવા છતા જીઓ હાઇબ્રિટ આજદિન સુધી બંધ કરવામાં આવી નથી અને તેનામાંથી નીકળતા ઝેરી ગેસના કારણે બલેશ્વર ગામમાં રહેવું હવે ભારે પડી ગયું છે.

### જીઓ હાઇબિડને બલેશ્વર ગ્રામ પંચાયતની મંજુરીને કારણે પણ વિવાદ : GPCBનું મૌન

**જીઓ** હાઇબ્રિડને પલસાણા કે બલેશ્વર ગ્રામ પંચાયત દ્વારા કોઇપણ મંજૂરી આપાઈ નથી. અગાઉ જીઓ હાઇબ્રિટને જીપીસીબી દ્વારા અચોક્કસ મુદત માટે બંધ કરી દેવામાં આવી હતી. પરંતુ ફરીથી ભેદી રીતે પ્રદૂષણ કરવાની અને કાળા કામો કરવાની છૂટ આપી દેવાય હોવાનું જણાય રહ્યું છે. વળી કેમીકલ ફેકટરી સામે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે તેમ છતાં કોઇ પગલા લેવાયા નથી. અગાઉ બે વ્યકિતના મોત સાથે ૯૭ વ્યકિતને ઝેરી ગેસની અસર થવા બાદ પણ અધિકારીઓ દ્વારા યોગ્ય પગલા લેવાયા નથી. આ અંગે જીપીસીબીના અરવિંદ અગ્રવાલને પણ વારંવાર ફરિયાદ કરી હોવા છતાં તેઓ દ્વારા પણ કોઇ પગલા લેવાયા નથી. પલસાણાના ૧૫ કિલોમીટર સુધી આ ગેસથી લોકો હેરાન છે તેમજ શાળા અને સરકારી કર્મચારીઓ સાથે ન્યાયાલય જેવી તમામ કચેરીઓ પણ હેરાન પરેશાન થઇ ગઇ છે.

### રેલીમાં ૧ હજાર લોકો જોડાયા

**બલેશ્વરથી** પલસાણા સુધી કાઢેલી રેલીમાં ૮૦૦ થી ૧૦૦૦ જેટલા પુરુષો અને મહિલાઓ પણ હાજર રહી જીઓ હાઇબ્રિડ કંપનીને કાયમી ધોરણે બંધ કરવા માગણી કરી હતી. બલેશ્વરથી પર્યાવરણ બચાવ સમિતિના હેમંતભાઇ પટેલ, બીમલભાઇ પટેલ, માજીદખાન પઠાણ, સિકન્દરખાન પઠાણ, મિસ્મીલ પઠાણ, ઇસ્માઇલભાઇ આબોવત, યુસુફભાઇ માકણા, જેવા સેંકડો આગેવાનો હાજર રહ્યા હતા.

# પલસાણા તા.પં.માં ટીડીઓ, કર્મચારીઓ ઓફિસમાં નહીં દેખાતા કોંગ્રેસીઓ ધૂઆપૂઆ

**ગામોમાં આવાસ,** શૌચાલય અને રસ્તાના કામોમાં ભ્રષ્ટાચાર બાબતે રજૂઆત કરવા ગયાં પરંતુ ઓફિસ ખાલી હતી

**હાજરી**પત્રકમાં કોઇ નોંધ નહીં, કર્મચારીઓ બપોરના ૧૨ વાગ્યા સુધી નોકરીએ આવ્યા ન હતા

પલસાણા : પલસાણા તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકરો પલસાણા તાલુકા પંચાયતે તાલુકા વિકાસ અધિકારીને તાલુકાના ગામોમાં આવાસ, શૌચાલય તેમજ અન્ય રસ્તા કામોમાં થતા વ્યાપક ભ્રષ્ટાચાર બાબતે સોમવારે મળવા ગયા હતા જ્યાં તાલુકા વિકાસ અધિકારી કે એ.ટી.ડી.ઓ જેવા ઘણા કર્મચારીઓ ઓફીસે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં હાજર નહિ રહેતા કોંગ્રેસના કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર સાથે ઓફીસ માથે લઇ ભાજપના ગેરવહીવટ અંગે જીલ્લા પંચાયત કચેરીએ ટેલીફોનિક ફરિયાદ કરી હતી.

પલસાણા તાલુકા કોંગ્રેસના પ્રમુખ ભરતભાઇ, અજય દેવધરા, તેમજ કોંગ્રેસના તાલુકા પંચાયત સદસ્ય ઉકાભાઇ રાઠોડ, સુધાબેન પટેલ જેવા ૧૦૦થી વધુ કાર્યકરો કોંગ્રેસના ચૂંટાયેલા તાલુકા પંચાયત સદસ્યના ગામોમાં વિકાસના કામો નહિ કરાતા હોવાની રજૂઆત સાથે પલસાણા તાલુકાના વિવિધ ગામોમાં રોડ, રસ્તા, શૌચાલય, આવાસ જેવા કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર હોવાની રજૂઆત કરવા તાલુકા વિકાસ અધિકારીને મળવા ગયા હતા જ્યાં તેઓ ગેરહાજર હતા તેઓએ એ.ટી.ડી.ઓને બોલાવવા માટે કહ્યુ હતુ પરંતુ તેઓ પણ ઓફિસે ગેરહાજર હોવાથી કોંગ્રેસના કાર્યકરો અને તાલુકા પંચાયત સદસ્યોએ હાજરીપત્રક મંગાવ્યુ હતુ અને ત્યાં જોતા રજા વગર અધિકારી ગેરહાજર હોવાનું જાણવા મળ્યું હતું. ટી.ડી.ઓ.નો કાર્યક્રમ અમલસાડી ગામે હોવા છતા તેઓ ત્યાં ન હતાં તેઓ ૧૨ વાગ્યા સુધી મંદિરમાં હોવાનું જણાવ્યું હતું જેમ સોમવારે પબ્લીક ડેના રોજ પણ પલસાણા તાલુકા પંચાયત કચેરીના ટોચના અધિકારીઓ સાથે કર્મચારીઓ પણ ૧૨ વાગ્યા સુધી ઓફિસમાં હાજર નહિ થતા કોંગ્રેસના કાર્યકરોએ ભારે તોફાન મચાવ્યું હતું ઓફિસ માથે લઇ પલસાણા તાલુકા પંચાયતના ગેરવહીવટ સામે ભારે સૂત્રોચ્ચારો સાથે નારાજગી વ્યક્ત કરી હતી તેમજ જીલ્લા પંચાયત કચેરીએ પણ આ અંગે ટેલિફોનથી ફરિયાદ કરવામાં આવી હતી.



# નેત્રંગમાં સાડા ત્રણ ઈંચ વરસાદ

**બલદેવા** ડેમ ઓવરફલો થયો જયારે પિંગુટ ડેમ ઓવરફલોની તૈયારીમાં

નેત્રંગ: નેત્રંગમાં મેઘરાજાએ તા.૨૦મીના રાત્રિના ધમાકેદાર એન્ટ્રી મારતા એક જ રાત્રિમાં સાડાત્રણ ઈંચ વરસાદ પડતા ચારે તરફ આનંદની લાગણી ફરી વળી છે.

તો બીજી તરફ જિલ્લામાં આવેલા ત્રણ ડેમો પૈકી પ્રથમ ધોલીડેમ બાદ હાલમાં બલદેવા ડેમ પણ ઓવરફલો થયો છે. જયારે પિંગુટ ડેમ ઓવરફલો થવાની તૈયારીમાં હોઈ જેને લઈને પિયત ખેતી કરતા ધરતીપુત્રોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. નેત્રંગ પંથકમાં મેઘરાજા શ્રાવણ માસના સરવરીયા કરવા માટે છેલ્લા ત્રણ દિવસથી રીમઝીમ પડી રહ્યો છે. શનિવારના રોજ રામભકત હનુમાનજીને સ્નાન કરાવવા માટે તેમજ શ્રાવણ માસના છેલ્લા સોમવારને અમાસ હોવાને લઈને ભોલેનાથને જલાભિષેક કરવા માટે મેઘરાજાએ તા.૨૦મીના રાત્રિથી જ ધમાકેદાર એન્ટ્રી મારીને ચૌદશની રાત્રિથી જ ભોલેનાથને જલાભિષેક અર્પણ કરવાનું શરૂ કરી દીધું હતું. જે છેક વહેલી સવાર સુધી ચાલુ રહ્યું હતું. જેને લઈને તા.૨૦મીની રાત્રિમાં જ ૮૬ મી.મી. એટલે કે સાડાત્રણ ઈંચ વરસાદ, તા.૨૧મીના રોજ સવાર ૬ વાગ્યા સુધીમાં ખાબકયો હતો. જેને લઈને નેત્રંગમાં મોસમનો કુલ વરસાદ ૭૬૧ મી.મી.(૩૦૫ ઈંચ), તા.૨૧-૮-૧૭ના સવારના છ વાગ્યા સુધીનો નોંધાયો છે.

પંથકમાં તેમજ જિલ્લામાં નાની સિંચાઈના ત્રણ ડેમ પૈકી ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન પ્રથમ ધોલીડેમ ઓવરફલો થયો છે. તા.૨૧મીના સવારે છ વાગ્યા સુધીમાં ધોલીડેમ પર પાણીનું લેવલ ૧૩૬.૦૫ મીટર છે.

બલદેવા ડેમ સાઇડ પર છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૬૫ મી.મી.(૨૦૫ ઈંચ) વરસાદ પડતા ડેમ તા.૨૧-૮-૧૭ના રોજ વહેલી સવારે ૩-૩૦ કલાકે ઓવરફલો થયો છે. જયારે અહિંયા મોસમનો કુલ વરસાદ ૨૧-૮-૧૭ના રોજ સવારના ૬ વાગ્યા સુધીમાં ૯૯૭ મી.મી. એટલે કે ૪૦ ઈંચ નોંધાયો છે.

પિંગુટ ડેમ સાઇડ પર છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૮૦ મી.મી.(૩ ઈંચ) જેટલો વરસાદ પડતા ડેમ હાલમાં છલોછલ થયો છે. ડેમમાં પાણીનું લેવલ ૧૩૯.૬૯ મીટર છે. જે ઓવરફલોની બિલકુલ નજીક છે.

# તાપી જિલ્લામાં 'ચૌરી અમાસ'નાં તહેવારની ધામધુમથી ઉજવણી

**ચૌરી અમાસનાં** દિવસે બળદોને ખેતીનું કે અન્ય કંઇ જ કામે લેતા નથી

વ્યારા: તાપી જિલ્લામાં બહુલક આદિવાસીઓની વસ્તી હોય વિભિન્ન વિસ્તારોમાં વસતા આદિવાસી સમુદાયો ભિન્ન ભિન્ન ભાતીગઢ સંસ્કૃતિ ધરાવે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતનાં સોનગઢ, ઉચ્છલ, નિઝર, કુકરમુંડા નર્મદા જિલ્લાનાં સાગબારા ડેડીયાપાડા અને મહારાષ્ટ્રનાં સીમાવર્તી જનજાતિ સમુદાયો ચૌરી અમાસનાં દિવસે બળદોને પુજન કરવાનું મહાત્મ્ય રહેલુ છે. આ તહેવારને 'પોળા'નાં તહેવાર તરીકે ઉજ્જવવામાં આવે છે. મહારાષ્ટ્રમાં 'નંદી પૂજન ' તરીકે પણ ઓળખાય છે. આ દિવસે વહેલી સવારે ઉઠીને સૌપ્રથમ બળદને નદી અથવા ઘરે નવડાવવામાં આવે છે. ત્યાર પછી તેને ઘુઘરા, નવી નાથ પહેરાવી , શણગારવામાં આવે છે.ઘરમાં બનાવેલ મીઠાઇ, વાનગીઓ અન્નનાં દાણા ખવડાવી ગામની સીમમાં આવેલ હનુમાનનાં મંદિરે દર્શન કરાવવા માટે લઇ જાય 'ચૌરી અમાસ' અથવા પોળાનાં તહેવારની ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે.

ચૌરી અમાસનાં દિવસે ખેડૂતો દ્વારા અઠવાડિયા પહેલા જ બળદોને નદીએ નવડાવી ધવડાવી સાફ સુથરા રાખે છે. એટલુ જ નહી નબળો ન પડે તે માટે સારો ઘાસ ચારો પણ ખવડાવે છે. આ તહેવારનાં દિવસે બળદોનાં શણગાર માટે બજારમાંથી વિવિધ વસ્તુઓ ખરીદીને લાવતા હોય છે. વહેલી સવારે ઉઠીને સૌપ્રથમ ઘરનાં મોભી પતિ-પત્નિ બંને બળદોની આરતી ઉતારી અન્નનાં દાણા, બનાવેલ વાનગીઓ ખવડાવે છે. આ દિવસે બળદોને ખેતીનું કે અન્ય કંઇ જ કામે લેતા નથી. આ દિવસે બળદોને ગંદી ગાળ બોલી હંકારવુ કે લાકડી વડે મારવાનો પ્રતિબંધ હોય છે. બળદોનાં દિવસ તરીકે ઓળખતા હોય છે. આખા ગામનાં લોકો પોતાનાં બળદોને લઇ ગામની સીમમાં આવેલ હનુમાનજીનાં મંદિરે ભેગા થાય છે. તેથી આ જગ્યાએ બળદોનાં મેળા જેવા માહોલ જામતો હોય છે.

# બારડોલી-ધુલિયા રોડ પરનાં કેદારેશ્વર મંદિરે ભકતોની ભીડ જામી



બારડોલી: બારડોલી-ધુલિયા રોડ પર આવેલા કેદારેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણમાસના છેલ્લા દિવસે શિવભકતોની વહેલી સવારથી ભારે ભીડ જામી હતી. શિવભક્તોએ મંદિરમાં ફૂલ, બિલીપત્ર ચઢાવી ધન્યતા અનુભવી હતી.

બારડોલી-ધુલિયા રોડ પર આવેલા પૌરાણિક કેદારેશ્વર મહાદેવ મંદિરે બારડોલી તેમજ દૂર દૂરથી ભાવિક ભક્તો શ્રાવણમાસનો છેલ્લો સોમવાર હોય અને સાથે સોમવતી અમાસનો સંગમ હોવાથી શિવભક્તો વહેલી સવારથી મંદિરમાં ઉમટી પડ્યા હતા. સોમવારના રોજથી જ શરૂ થયેલો શ્રાવણમાસ અને સોમવારના દિવસે જ પૂર્ણ થતાં પાંચ સોમવાર હોવાથી છેલ્લા સોમવારનું મહત્વ ભકતોમાં વધ્યું છે. ખાસ કરીને સોમવતી અમાસ અને શ્રાવણ માસનો છેલ્લો સોમવાર હોવાથી ભક્તો આ દિવસને વધુ પવિત્ર માની રહ્યા છે. જેને લઈ વહેલી સવારથી ભકતો ઉમટી પડ્યા હતા. મંદિરમાં દર્શન માટે પદયાત્રીઓ અને કાવડિયાઓની ભીડ રસ્તા પર જોવા મળી હતી અને શિવલીંગ પર ફૂલ, બિલીપત્ર, ભશ્મ ચઢાવ્યા હતા. હર હર મહાદેવના નાદથી શિવાલય ગુંજી ઉઠ્યું હતુ અને કેદારેશ્વર મહાદેવના સંચાલકો દ્વારા ભકજનોને અગવડ ન પડે તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલી ટ્રાફિક બ્રિગેડના જવાનોએ પણ ટ્રાફિક સમસ્યા સર્જાય નહીં તે માટે ભક્તજનોના વાહનો યોગ્ય રીતે પાર્ક કરાવ્યા હતા. ભક્તજનોએ વહેલી સવારથી લાઇનમાં ઊભા રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



# પાંચ લાખ દહેજ આપવા છતાં પરિણીતા પર સાસરિયાઓનો ત્રાસ

**બારડોલી** તાલુકાનાં અસ્તાન ગામે રિદ્ધિ સોસાયટીમાં પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ

બારડોલી : અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાનાં મુવાડા ગામના હર્ષદભાઈ જીવાભાઈ રાઠોડની પુત્રી હિનાના લગ્ન ૨૦૧૨ની સાલમાં બારડોલીના અસ્તાનમાં આવેલી રિદ્ધિ સોસાયટીમાં રહેતા રમેશ મૂળજી સોલંકી સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયાઓનુ પોત પ્રકાશ્યુ હતું. અને હિનાની સાથે તેના પતિ રમેશ, સાસુ કમલાબેન તેમજ નણંદ ગીતાબેને વારંવાર ઝઘડો તકરાર કરી યેનકેન પ્રકારે રોકડા રૂપિયા દહેજ પેટે પિયરથી લઈ આવવા માંગણી કરી હતી. ઘર ખરીદી માટે રૂ. ૫ લાખની માગ કરતાં હિનાના પિતાએ બે લાખ રૂપિયા રમેશના બેન્ક ખાતામાં જમા કરાવ્યા હતા જયારે બાકીના ત્રણ ત્રણ લાખ રૂપિયા ટુકડે ટુકડે રોકડા આપ્યા હતા. જો કે તેમ છતાં સાસરિયાઓએ હિના પર ત્રાસ ગુજારવાનું ચાલુ રાખ્યું હતું. દરમ્યાન હિનાની સાસુએ કૌટુંબિક આગેવાનોની હાજરીમાં 'તેના પિતાને તારી છોકરીને તું લઈ જા અમારે હવે જોઈતી નથી' એમ કહી તેમનું અપમાન કર્યું હતું. આથી હિનાએ સોમવારના રોજ મોડી સાંજે બારડોલી પોલીસ મથકમાં પતિ રમેશ, સાસુ કમળા અને નણંદ ગીતા સામે ફરિયાદ કરતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# વ્યારા રેલવે સ્ટેશનનો સિનિયર ખલાસી ચાલવા નીકળ્યા બાદ ગુમ થયો



સુરત : વ્યારા રેલવે સ્ટેશન પર સિનિયર ખલાસી તરીકે નોકરી કરતો કર્મચારી સ્ટેશન પર વોક કરવા નીકળ્યા બાદ ગુમ થઈ જવા પામ્યો છે.

મૂળ ઝારખંડનો વતની અને હાલ વ્યારા રેલવે સ્ટેશન પર રેલવે કોલોનીમાં રહેતા ૪૨ વર્ષિય જયોતીપ્રકાશ મનોહર મિન્જા હાલ વ્યારા રેલવે સ્ટેશન પર સિનિયર ખલાસી તરીકે નોકરી કરે છે. તે ગત તા. ૧૦મી ઓગષ્ટના રોજ રાત્રે નોકરી પરથી આવ્યા બાદ રાબેતા મુજબ સાંજે સાત વાગ્યા રેલવે સ્ટેશન પર વોક માટે નીકળ્યો હતો. પરંતુ ત્યારબાદ તે ઘરે પરત નહિં આવી ગુમ થવા પામ્યો છે. સતત એક-બે દિવસ સુધી જયોતીપ્રકાશ ઘરે પરત નહિં આવતા તેની માતા પદમીની મનોહર મિન્જાએ વ્યારા રેલવે પોલીસને જાણ કરી હતી. જેથી વ્યારા રેલવે પોલીસે પણ જયોતીપ્રકાશની ગુમની નોંધ લઇ આગળની તપાસ શરૂ કરી છે.

# ભરૂચના વેજલપુરમાં ઘરમાંથી મોબાઈલ તફડાવનાર ઝડપાયો



ભરૂચ: ભરૂચના વેજલપુર પારસીવાડમાં રહેતા ઈકબાલ ઉર્ફે રાજુ હબીબભાઈ લાખાણીના ઘરમાં વહેલી સવારે ૪.૪૫ વાગ્યાની આજુબાજુ એક મોબાઈલ ચોરે ઘુસ મારી હતી. દરમિયાન ઘરના લોકો જાગી જતા બૂમાબૂમ કરતા, તસ્કર મોબાઈલ ચોરી ફરાર થઈ ગયો હતો. જેને પોલીસે પકડતાં વેજલપુર પારસીવાડનો રહેવાસી ઈલ્યાસખાન ઉર્ફે ડેમો શબ્બીરખાન બશીરખાન પઠાણ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેની તલાશી લેતા તેની પાસેથી મોબાઈલ મળી આવ્યા હતા. જેના આધારે પોલીસે તેની અટકાયત કરી વધુ પૂછપરછ કરતા વેજલપુર વિસ્તારમાંથી જ અન્ય મોબાઈલ તથા રોકડ રકમની ચોરી કરી હોવાનો એકરાર તેણે કર્યો હતો. જેના આધારે ઈલ્યાસખાન પઠાણની ધરપકડ કરી હતી.


જન્મદિન મુબારક



શ્રી એહમદભાઈ પટેલ - સાંસદ-રાજ્યસભા

ભરૂચ જીલ્લાના પનોતા પૂત્ર અને રાજ્ય સભાના સાંસદ તરીકે પાંચમીવાર વિજેતા થયેલા કર્મનિષ્ઠ, પ્રમાણિક એવા શ્રી એહમદભાઈ પટેલ ૬૮ વર્ષ પૂર્ણ કરી ૬૯માં વર્ષમાં પ્રવેશ કરતા આપને જન્મદિને ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ.

લિ.

[illegible] (માન.ધારાસભ્ય માંડવી)
[illegible] (પ્રમુખ-તા. પંચાયત-માંડવી)
[illegible] (પ્રમુખ-માંડવી તાલુકા કોંગ્રેસ સમિતિ)
[illegible] (કારોબારી અધ્યક્ષશ્રી)
[illegible] - પ્રદેશ-ડેલીગેટ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
[illegible] - જી.પંચાયત સભ્ય તથા તાલુકા જીલ્લા પંચાયત સભ્યો
કોંગ્રેસ પરિવાર, માંડવી પાલિકાના કોંગ્રેસી સદસ્યો


# ઝાડેશ્વરમાં ગજાનંદ કોમ્પલેક્ષ પર 'બૌડા'નો સપાટો

**રસ્તા** પર કરાયેલા ગેરકાયદેસર દબાણો તોડી પાડયા



ભરૂચ: ભરૂચના ઝાડેશ્વર ચોકડી પાસે આવેલુ ગજાનંદ કોમ્પલેક્ષ છેલ્લા બે-અઢી વર્ષથી રસ્તા પરના ગેરકાયદેસર દબાણોને લઇ વિવાદમાં ઘેરાયેલું રહ્યું હતું. ભરૂચ -અંકલેશ્વર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીએ આખરે સોમવારે પોલીસ પ્રોટેક્શન સાથે ગજાનન કોમ્પલેક્ષના ગેરકાયદેસર દબાણને તોડી પાડતા ગેરકાયદેસર દબાણ ઉભા કરનારાઓમાં ફફડાટ ઉભો થયો છે.

ઝાડેશ્વર ચોકડી પર ગજાનન કોમ્પલેક્ષના માલિકોએ જાહેર રસ્તા પર જ ગેરકાયદેસર દબાણ ઉભું કરતા વિવાદ છેડાયો હતો. જેમાં ભરૂચના ધવલ પ્રકાશ કનોજીયાએ ભરૂચ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં ફરિયાદ દાખલ કરી હતી. ૨૦૧૪માં ઉભા થયેલા વિવાદમાં બૌડાએ સ્થળ ચકાસણી કરી ગેરકાયદેસર બાંધકામ સાબિત થતા ૫ માર્ચ, ૨૦૧૫ના રોજ દબાણ દૂર કરવા માટે હુકમ કર્યો હતો અને તેમાં પંચાયતને દબાણ દૂર કરવા માટે તારીખ નક્કી કરવાની જવાબદારી સોંપી હતી. જોકે ત્યારબાદ છ મહિના પસાર થવા છતાં પંચાયતે દબાણને દૂર કરવામાં ઉદાસીનતા દાખવી હતી. જેને લઇ ધવલ કનોજીયાએ પુનઃ ફરિયાદોનો દોર ચલાવ્યો હતો. જેના પગલે આખરે બૌડાએ પાલિકા અને પોલીસની ટીમ સાથે રાખી ગજાનન કોમ્પલેક્ષના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કવાયત હાથ ધરી હતી. જેના પગલે દુકાનદારો અને કોમ્પલેક્ષના સંચાલકોમાં ફફડાટ ઉભો થયો હતો.

### માત્ર પતરાના શેડ દૂર કરાતાં વિરોધ

**બૌડાના** અધિકારીઓએ ગેરકાયદેસર દબાણ દૂર કરવાની આડમાં ગજાનન કોમ્લેક્ષની દુકાનો આગળ ઉભા કરાયેલા માત્ર પતરાંના શેડ જ દૂર કરતા, ધવલ કનોજીયાએ તેની સામે વિરોધ નોંધાવ્યો હતો. ધવલ કનોજીયાએ ગેરકાયદેસર અન્ય બાંધકામને દૂર નહીં કરાય તો આત્મવિલોપનની ચિમકી આપતા, બૌડાના અધિકારીઓમાં ફફડાટ ઉભો થયો હતો. અધિકારીઓએ ધવલ કનોજીયાને અન્ય ગેરકાયદેસર પાકા બાંધકામને પણ ૧૦ દિવસમાં દૂર કરવાની લેખિતમાં બાંહેધરી આપતા આખરે મામલો શાંત થયો હતો.


## જાહેર ચેતવણી



આ સાથે દર્શાવેલ ફોટાવાળી વ્યકિત, અમોની પત્ની રંજનબેન સંજયભાઈ રાવલ છે, જે હમારા કહયામાં ન હોય તેણીએ અમારી સાથે સામાજીક તેમજ આર્થિક સંબંધો તોડી નાખી તારીખ ૧૩/૦૫/૨૦૧૭ ના રોજ અમારા ઘર સંન્સારનો ત્યાગ કરી બીજા કોઈ વ્યકિત સાથે ચાલી ગયેલ છે, અને હવે અમોને તેની સાથે કોઇ લેવા દેવા નથી. અને હમોએ હમારી મજકુર પત્ની રંજનને હમોની મિલકતમાંથી પણ બેદખલ કરી દીધેલ છે. જેથી કોઇપણ વ્યકિત કે સંસ્થાએ અમારી મજકુર પત્ની રંજન સાથે અમારા નામે કે અમારા સગા સંબંધીનાં નામે સામાજીક કે નાણાંકીય કે અન્ય કોઈપણ સ્વરૂપનાં વ્યવહાર કરવા કરાવવા નહી, આમ છતાં કોઈપણ વ્યકિત કે સંસ્થા તેવા કોઈપણ વ્યવહાર કરશે કરાવશે, તો તે બાબતની કોઈપણ પ્રકારની જવાબદારી અમારી રહેશે નહીં. જેની આથી જે તે લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

તા. ૨૧/૦૮/૨૦૧૭

મારી મારફત,
**રજનીકાંન્ત. એલ. રાઘવાણી** (એડવોકેટ)
રહે : ૨૮, શાંન્તી નગર સોસાયટી-૨,મુ.પો : કિમ, તાઃ ઓલપાડ જીઃ સુરત-૩૯૪૧૧૦, મો.નં : ૮૪૬૦૧ ૨૮૬૪૧

લિ.
સંજયભાઇ બાબુભાઇ રાવલ
રહેવાસી : ૧૧૮, ગીતાનગર-૨, કિમ, તા : ઓલપાડ, જી : સુરત.